

# મોડાસાના જંબુસર પાસેથી પસાર થતી નર્મદા પાણીની પાઇપ લાઇનનો વાલ્વ લીક થતા હજ્જારો લીટર પાણીનો વેડફાટ

અરવલ્લી જીલ્લાના પાણીની તંગી અનુભવતા ગ્રામ્ય વિસ્તારોમાં પાણી પુરવઠા વિભાગ દ્વારા એસ.કે-૨ યોજના અંતર્ગત નર્મદાનું પાણી પાઈપ લાઈન મારફતે પહોંચાડવામાં આવી રહ્યું છે, ત્યારે પાણી પુરવઠા વિભાગની ઘોર બેદરકારી બહાર આવતા છેલ્લા કેટલાક દિવસોથી જંબુસર ગામ નજીકથી પસાર થતી પાઈપલાઈનમાં ભંગાણ સર્જાતા હજ્જારો લીટર પાણીનો વેડફાટ થતા આજુબાજુમાં તળાવ ભરાયું હોય અને પાણીની નદી વહેતી હોય તેવો ઘાટ સર્જાયો છે હજુ પણ જિલ્લામાં અનેક ગ્રામ્ય વિસ્તારોમાં પાણી પૂરતા પ્રમાણમાં પહોંચતું નથી બીજીબાજુ મહામુલા હજ્જારો લીટર પાણીના વેડફાટ થતું અટકાવવા પાણી પુરવઠા વિભાગે તાબડતોડ પાણીની પાઈપ લાઈનમાં સર્જાયેલ ભંગાણનું સમારકામ હાથ ધરવામાં આવે તે ખુબ જ જરૂરી છે. મહામુલા પાણીના વેડફાટથી ખેડૂતો અને પ્રજાજનોમાં ભારે રોષ જોવા મળ્યો હતો.

# મોહદીસે આઝમ મિશનની ટિમ સાથે મોડાસા મુસ્લિમ ડૉક્ટર્સ એસોસિએશનના ડોક્ટરોએ કન્ટેનમેન્ટ ઝોનની મુલાકાત લીધી

મોડાસામાં કોરોનાના કેસ સામે આવી રહ્યા છે ત્યારે મિશન દ્વારા તેની સેવાઓમાં પણ વધારો કરી દેવામાં આવ્યો છે અત્યાર સુધીમાં મિશન ૭૨૦૦૦થી વધુ લોકોને ટિફિન પોહચાડી રહી છે. ૧૦૦૦થી વધુ પરિવારોને કાચા રાશનની મદદ પહોચાડવામાં આવી ચૂકી છે. તે સિવાય ઘણા રિલીફ ના કામો મિશન દ્વારા કરવામાં આવ્યા છે.

હાલમાં મુસ્લિમ વિસ્તારમાં કેસ વધતા કન્ટેનમેન્ટ ઝોન જિલ્લા કલેકટર દ્વારા જાહેર કરવામાં આવેલ છે. આ કન્ટેનમેન્ટ ઝોનમાં સામાન્ય પરિવારો જે રોજે કમાઈને રોજ ખાનારા હોય છે તે પરિવારો મોટી સંખ્યા રહી રહ્યા છે

આ પ્રકારના વિસ્તારમાથી લોકો બહાર ન નીકળે અને ઘરોમાં રહે તે માટે મિશન દ્વારા રોજેરોજ દૂધ, શાકભાજી, બાળકો માટે ખાવાનું તેમજ. તે વિસ્તાર માં. જે પણ જરૂરત હોય તે પુરી કરવાનો પ્રયત્ન થઈ રહ્યો છે. શહેરની બાપુ બસતી જે લોકો વસ્તીમાં ફરીને પોતાનું પેટ ભરતા હોય છે તે લોકોમાં એક કેશ આવ્યો હતો તે વિસ્તારને કોરટાઈન કરેલ છે આ વિસ્તારની તમામ જરૂરતોની જવાબદારી મિશન દ્વારા ઉઠાવવામાં આવી છે. આ કન્ટેનમેન્ટ ઝોનમાં M M. D A મોડાસા મુસ્લિમ ડૉક્ટર્સ એસોસિએશનના સભ્યોએ મિશન મુલાકાત લીધી હતી.

જેમાં ડોકટર જમીલ ખાનજી ડોકટર ઈફતીખાર મલેક અને મિશનના સક્રિય મેમ્બર અને M M D Aના સભ્ય ઈમરાન પઠાણ હાજર રહ્યા હતા અને બાપુ બસતીના લોકોને યોગ્ય માર્ગદર્શન અને જરૂર પડે તો દવા કરવાની અને તમામ પ્રકારની આરોગ્ય લક્ષી સેવાઓ આપવાની બાંહેધરી આપી હતી. મોડાસા મુસ્લિમ ડૉક્ટર્સ દ્વારા આ મહામારી માં દેશ અને સમાજ માટે શક્ય તમામ મદદ કરવાની બાંહેધરી આપવામાં આવી છે અને મુસ્લિમ ડૉક્ટર્સ દ્વારા અલગ અલગ ટિમ બનાવીને કોરોનાના દર્દીઓને સરકારી આરોગ્ય ખાતા સાથે સંકલન રાખી મદદરૂપ થવાના પ્રયત્નો કરાઈ રહ્યા છે. આમ મોડાસા મુસ્લિમ ડૉક્ટર્સની આ પગલાની ચારો તરફ પ્રશંસા થઈ રહી છે.

મોહદીસે આઝમ મિશન દ્વારા પણ આ એસોસિએશનને જ્યાં પણ જરૂર હોય ત્યાં મિશન હાજર રહેશે તેવી બાંહેધરી મિશન દ્વારા આપવામાં આવી છે. મિશનના કાર્યકરો છેલ્લા ૭૦ દિવસથી દિવસ રાત મહેનત કરી રહ્યા છે.



## આજથી ભગવાન શામળિયાના દર્શન થઈ શકશે

કોરોના ને લઈ લોકડાઉન બાદ આવતીકાલ તારીખ ૮ જૂન થી તમામ ધાર્મિક સ્થાનો ખુલવા ના છે ત્યારે ગુજરાત નું સુપ્રસિદ્ધ યાત્રાધામ શામળાજી માં પણ મંદિર ખોલવા ને લઈ તૈયારીઓ ને આખરી ઓપ આપી દેવામાં આવ્યો છે સમગ્ર મંદિર પરિસરને સૅનેટાઈઝ કરવામાં આવ્યું હોવાની સાથે ભક્તોમાં સોશ્યલ ડિસ્ટન્સ જળવાય તેવી તમામ પ્રકારની તૈયારીઓ પૂર્ણ કરવામાં આવી છે સુપ્રસિદ્ધ યાત્રાધામ શામળાજી મંદિરના દ્વાર ખુલ્લા મુકવામાં આવશે ભક્તોમાં ૮ જૂનથી શામળાજી મંદિરમાં બિરાજતા કાળીયા ઠાકોરના દર્શન કરવા થનગનાટ જોવા મળી રહ્યો છે.

## ખેડબ્રહ્માની હરણાવ નદીમાં આશરે ૨૮ વર્ષના યુવકનો મૃતદેહ મળ્યો

ખેડબ્રહ્મા હરણાવ નદીમાંથી મૃત હાલતમાં લાશ મળી આવ્યાની સાથે જ ટોળે ટોળા જોવા ઉમટી પડ્યા હતા. ખેડબ્રહ્મા પોલીસને જાણ થતા ટાઉન પોલીસ ની ટીમ ઘટના સ્થળે પહોચીને મૃત યુવકની તપાસ હાથ ધરતાં નજીક પડેલા થેલાની અંદરથી નામ સરનામુ મળી આવ્યુ હતુ.

# લ્યો બોલો, હવે મોડાસા નગરપાલિકા સેનેટરી વિભાગનું કામ પણ પોલીસે કરવું પડશે..!!

મોડાસા, તા. ૭

લૉક ડાઉનમાં અમલવારી માટે પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓએ ખડે પગે રાઉન્ડ ધી ક્લોક ફરજ બજાવી હતી જે



મોડાસા નગર પાલિકાને કદાચ ન દેખાયું હોય તેવું લાગી રહ્યું છે. અનલૉક-૧ માં રાજ્ય સરકારે છૂટછાટ આપતા મોટાભાગના તમામ ધંધા-રોજગાર શરૂ થઇ ગયા છે. રાજ્ય સરકારે ભલે રોજગાર શરૂ કરવાની મંજૂરી આપી હોય,પરંતુ દરેક વ્યક્તિએ માસ્ક પહેરવું પણ ફરજિયાત કર્યું છે. અને ધંધા-રોજગારના સ્થળોએ સોશ્યલ ડિસ્ટન્સ જાળવવા તાકીદ કરી છે

મોડાસા શહેરમાં લારી-ગલ્લા તેમજ શાકભાજી વિક્રેતાઓ માસ્ક નહીં પહેરતા હોવાનું ધ્યાને આવતા પાલિકાની ટીમ દ્વારા દંડ વસૂલવાની કામગીરી કરાઇ હતી. આ કામગીરીમાં પણ પાલિકાની ટીમને પોલીસની મદદ લેવી પડતા લોકોમાં પણ આશ્ચર્ય સર્જાયું હતું સેનેટરી વિભાગ ફરસાણની દુકાનમાં તપાસ અર્થે કે રેડ કરવા જાય ત્યારે પોલીસની મદદ નથી લેતી, અને શાકભાજીના વેપારીઓ પાસે દંડ ઉઘરાવવામાં પૉલિસની મદદ લઈ રહી છે, જે વાત સમગ્ર શહેરમાં ચર્ચાના ચગડોળે ચઢી છે.બીજીબાજુ નગરપાલિકા સેનેટરી વિભાગ કામગીરીમાં ઉણુ ઉતરતા પોલીસે નગરપાલિકા તંત્રની કામગીરીમાં જોતરાવું પડ્યું હોવાની સૂત્રો પાસેથી માહિતી પ્રાપ્ત થઈ હતી હજુ પણ મોડાસા શહેરમાં ફેરિયાઓ જાણે તંત્રનો કોઈ ડર જ ન હોય તેમ માસ્ક પહેર્યા વગર શાકભાજી-ફ્રૂટ અને અન્ય ચીજવસ્તુઓનું વેચાણ કરી રહ્યા છે

હાલ લૉક ડાઉનના સમયમાં પૉલિસના જવાનો ખડેપગે રહીને લૉકડાઉનના ચુસ્ત અમલવારીમાં લાગી ગતી, અને હવે પાલિકાની ટીમ પૉલિસને સાથે રાખીને કામગીરી કરાવતી હોય તે કેટલે અંશે વ્યાજબી છે, તે કહેવું અઘરું છે. પાલિકાની સેનિટરી વિભાગની ટીમ મિઠાઈ ખાવા જાય તો ડાયાબિટીસ નથી થતી પણ મરચું ખાય તો તીખું લાગી જાય છે.

## ટાઉન પોલીસ એક નજર ઇધર ભી...

## ડુઘરવાડા ચોકડી પર સાંજના સમયે લોકોના ટોળેટોળા કોરોનાને આમંત્રણ આપી રહ્યા છે

મોડાસા શહેરમાં સતત કોરોના પોઝેટીવ દર્દીઓ નોંધાઈ રહ્યા છે છેલ્લા ૨૪ કલાકમાં ત્રણ લોકો કોરોનાગ્રસ્ત બનતા કોરોનાથી સંક્રમિત દર્દીઓની સંખ્યા ૪૩ એ પહોંચી છે ૫ લોકોને કોરોના ભરખી રહ્યો છે શહેરમાં લોકલ અને કોમ્યુનિટી ટ્રાન્સમિશનનો ખતરો મંડરાઈ રહ્યો છે ત્યારે અનલૉક-૧ માં રાત્રે કર્ફ્યુ હોવા છતાં સાંજના સમયે મોડાસા કૉલેજ રોડ પર ડુઘરવાડા ચોકડી નજીક લોકો ટાઈમ પાસ કરવા ટોળેટોળા થાય છે, જે ખૂબ જ ચિંતાનો વિષય છે. આવા કપરા સમયમાં કેટલાક લોકો ટોળા વળીને પબજી ગેમ પણ રમતા નજરે પડી રહ્યા છે. આવા ટોળા લૉક ડાઉનમાં ગાયબ હતા પણ અનલૉકમાં હવે તેઓ ફરીથી પ્રસ્તુત થઈ ગયા છે.ત્યારે ટાઉન પોલીસે કોલેજ રોડ પર બિન્દાસ્ત બની ટોળે વળી ગપ્પા મારતા લોકો સામે કાર્યવાહી કરવામાં આવે તેવું શહેરીજનોમાં માંગ પ્રબળ બની છે.

# બનાસકાંઠામાં નકલી નોટો ઘુસાડવાના રેકેટનો પર્દાફાસ

**૭.૬૮ લાખની નકલી ચલણી નોટો સાથે બે શખ્સો ઝબ્બે : રૂપિયા બે હજારના દરની ૩૮૪ નકલી નોટો ઝડપાઈ : બનાસકાંઠા સ્પેસ્યલ ઓપરેશન ગૃપની ટીમે ઓપરેશન પાર પાડ્યું : નકલી ચલણી નોટો અને કાર મળી કુલ રૂપિયા ૮.૧૨ લાખનો મુદ્દામાલ કબ્જે લેવાયો**

પાલનપુર

પાલનપુર – ડીસા હાઈવે ઉપર ચડોતર નજીકથી શનિવારે સવારે બનાસકાંઠા એસ. ઓ. જી ની ટીમે બનાસકાંઠામાં ઘુસાડવા માટે એક કારમાં લઈ જવાતી રૂપિયા બે હજારના દરની ૩૮૪ નકલી નોટો સાથે બે શખ્સોને ઝડપી લીધા હતા. આ અંગે કાર સહિત કુલ રૂપિયા ૮.૧૨ લાખનો મુદ્દામાલ કબ્જે લઈ નકલી નોટો ઘુસાડવાના રેકેટનો પર્દાફાસ કર્યો હતો.

બનાસકાંઠા જિલ્લામાં નકલી નોટો ઘુસાડવામાં આવે તે પહેલા સ્પેસ્યલ ઓપરેશન ગૃપની ટીમે પાલનપુર- ડીસા હાઈવે ઉપર ચડોતર નજીકથી બે શખ્સોને દબોચી લીધા હતા. આ અંગે ડીવાયએસપી એ. આર. જનકાંતે જણાવ્યું હતુ કે,



એસ. ઓ. જી. પીઆઈ જે. બી. અગ્રાવત, પી એસ આઈ એન.એન.પરમાર સ્ટાફના કાન્તિલાલ, કલ્યાણસિંહ, વિનોદભાઈ, વનરાજસિંહ, જીતેન્દ્રભાઈ, નરભેરામ, દલપતસિંહએ બાતમીના આધારે પાલનપુર – ડીસા હાઈવે ઉપર ચડોતર નજીક વોચ ગોઠવી હતી. જ્યાં આવેલી સફેદ કલરની બલેનો ગાડી નંબર ય્ત્ન. ૦૮. મ્જી. ઉભી રાખવી તપાસ કરતા અંદરથી રૂપિયા ૨૦૦૦ ના દરની કુલ ૩૮૪ નોટો જેની કિંમત રૂપિયા ૭,૬૮,૦૦૦ મળી આવી હતી. આ અંગે કાર સહિત કુલ રૂપિયા ૮,૧૨,૬૦૦નો મુદ્દામાલ કબ્જે લીધો હતો. અને ઝડપાયેલા બંને શખ્સો વિરૂધ્ધ એસઓજી પીએસઆઈ એન. એન. પરમારે પાલનપુર તાલુકા પોલીસ મથક ફરિયાદ નોંધાવી હતી. જેના આધારે પોલીસે ઈ.પી.કો ૪૮૯(એ), (બી), (સી), (ઈ),૧૧૪ મુજબ ગુન્હો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે.



## સરકારના રાહત પેકેજમાં હિરા ઉધોગની બાદબાકીથી રોષ

કોરોના વાયરસની મહામારીના પગલે હિરા ઉધોગ પડી ભાગ્યો છે. બીજી તરફ સરકારના રાહત પેકેજમાં હિરા ઉધોગને લોન આપવામાં આવે તે બાબતનો સમાવેશ કરવામાં નથી આવ્યો. જેના પગલે પાલનપુર હિરા એસોસિએશન દ્વારા જિલ્લા કલેક્ટરને આવેદન પત્ર પાઠવી હિરા ઉધ્ધોગને લોન આપવામાં આવે તે બાબતે જિલ્લા કલેક્ટરને રજુઆત કરવામાં આવી છે. કોરોના વાયરસના પગલે છેલ્લા ત્રણ માસથી સમગ્ર ભારતને સરકાર દ્વારા લોકડાઉન કરવામાં આવ્યુ હતુ. જેના પગલે મોટાભાગના ધંધા રોજગાર પડી ભાગ્યા છે. જોકે, સરકાર દ્વારા રાહત પેકેજ તેમજ નાના ધંધા રોજગારને લોન આપી ફરી બેઠા કરવાના પ્રયાસ હાથ ધરવામાં આવ્યા છે. જેમાં કેન્દ્ર તેમજ રાજ્ય સરકાર દ્વારા જાહેર કરાયેલા પેકેજમાં હિરા ઉધ્ધોગને સહાય કે લોન આપવાની બાબતનો સમાવેશ કરવામાં આવ્યો નથી.સૌથી વધુ રોજગારી હિરા ઉધોગ આપતુ હોય છે. પરંતુ અત્યારે લોક ડાઉન બાદ હિરા ઉધોગ પણ પડી ભાગ્યો છે. તો સરકાર દ્વારા નિતી નિયમો મુજબ હિરાના વેપારીઓ, કારખાને દારો અને કારીગરોને લોન આપવામાં આવે તે માટે પાલનપુર હિરા ઉધોગના આગેવાનોએ જિલ્લા કલેક્ટરને આવેદન પત્ર આપી માંગ કરવામાં આવી છે.

# ઉત્તર ગુજરાતના કોંગી ધારાસભ્યો પાર્ટી સાથે ક્યારેય વિશ્વાસઘાત નહી કરે

રાજ્યસભાની ચૂંટણી પહેલા કોંગ્રેસના ધારાસભ્યોએ રાજીનામા આપતાં ભારે હડકંપ મચી જવા પામ્યો છે. ત્યારે અન્ય ધારાસભ્યો રાજીનામા ન આપે તે માટે કોંગ્રેસ મોવડી મંડળ દ્વારા સર્તકતા દાખવી ધારાસભ્યોને જુદાજુદા સ્થળોએ લઈ જવામાં આવી રહ્યા છે. જ્યાં બનાસકાંઠા જિલ્લાના ચાર ધારાસભ્યો શનિવારે પાલનપુર સર્કિટ હાઉસથી અંબાજી ગયા હતા. તેમણે મિડિયા સમક્ષ ભારપૂર્વક જણાવ્યું હતુ કે, ઉત્તર ગુજરાતના ધારાસભ્યો કોંગ્રેસ પાર્ટી સાથે કદાપી દગો નહી કરે.

રાજ્યસભાની અગાઉ મુલતવી રહેલી ચૂંટણીની તારીખ જાહેર થતાં જ રાજકીય વાતાવરણ ગરમ બન્યું છે. જ્યાં કોંગ્રેસના નારાજ ધારાસભ્યો રાજીનામા ધરી દેતાં છાવણીમાં ભારે સન્નાટો પ્રસરી ગયો છે. જોકે, વધુ ધારાસભ્યો આ દિશામાં પગલાં ભરે તે પહેલા પાર્ટીના મોવડી મંડળે ડેમેજ કંટ્રોલનો રાહ અપનાવ્યો છે. અને દર વખતની જેમ ધારાસભ્યોને એકત્ર કરી અજ્ઞાત સ્થળોએ લઈ જવામાં આવી રહ્યા છે. જ્યાં બનાસકાંઠા જિલ્લાના પાલનપુરના ધારાસભ્ય મહેશભાઈ પટેલ, વાવ ધારાસભ્ય ગેનીબેન ઠાકોર, દિયોદર ધારાસભ્ય શિવાભાઈ ભૂરીયા અને થરાદ ધારાસભ્ય ગુલાબસિંહ રાજપૂત શનિવારે પાલનપુર સર્કિટ ખાતે એકત્ર થયા હતા. જ્યાંથી અંબાજી રિસોર્ટ જવા માટે રવાના થયા હતા. આ અંગે તેમણે જણાવ્યું હતુ કે, બનાસકાંઠા અને ઉત્તર ગુજરાતના કોંગ્રેસના ધારાસભ્યો પાર્ટી સાથે કદાપી વિશ્વાસઘાત નહી કરે.

રાજ્યસભાની અગાઉ મુલતવી રહેલી ચૂંટણીની તારીખ જાહેર થતાં જ રાજકીય વાતાવરણ ગરમ બન્યું છે. જ્યાં કોંગ્રેસના નારાજ ધારાસભ્યો રાજીનામા ધરી દેતાં છાવણીમાં ભારે સન્નાટો પ્રસરી ગયો છે. જોકે, વધુ ધારાસભ્યો આ દિશામાં પગલાં ભરે તે પહેલા પાર્ટીના મોવડી મંડળે ડેમેજ કંટ્રોલનો રાહ અપનાવ્યો છે. અને દર વખતની જેમ ધારાસભ્યોને એકત્ર કરી અજ્ઞાત સ્થળોએ લઈ જવામાં આવી રહ્યા છે. જ્યાં બનાસકાંઠા જિલ્લાના પાલનપુરના ધારાસભ્ય મહેશભાઈ પટેલ, વાવ ધારાસભ્ય ગેનીબેન ઠાકોર, દિયોદર ધારાસભ્ય શિવાભાઈ ભૂરીયા અને થરાદ ધારાસભ્ય ગુલાબસિંહ રાજપૂત શનિવારે પાલનપુર સર્કિટ ખાતે એકત્ર થયા હતા. જ્યાંથી અંબાજી રિસોર્ટ જવા માટે રવાના થયા હતા. આ અંગે તેમણે જણાવ્યું હતુ કે, બનાસકાંઠા અને ઉત્તર ગુજરાતના કોંગ્રેસના ધારાસભ્યો પાર્ટી સાથે કદાપી વિશ્વાસઘાત નહી કરે.

